પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

## -:જાહેરનામું:-

**ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે**

**નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/ ૧૬ /૨૦૨૫ તા.૨૮/૦૧/૨૦૨૫**

રાજય ચૂંટણી આયોગ, સચિવાલય ગાંધીનગરના ક્રમાંક:ઇએલસી-સી.ઓ.સી.-૩(૮)-૦૧૨૦૨૫-ક તા.૨૧/૦૧/૨૦૨૫ના સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે સ્થાનીક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય/મધ્ય સત્ર/પેટા ચુંટણીઓ આગામી તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. તે મુજબ ભારતના નિર્વાચન આયોગે બંધારણની કલમ-૩૨૪ હેઠળ મળેલ સત્તાની રૂએ આપેલ આદેશ ક્રમાંક.૪૬૪/ એલએન્ડઓ/ પીએલએન-૧ તા.૧૩/૦૩/૯૬ મુજબ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન પરવાનેદાર વ્યકિતઓને શસ્ત્રો કે હથિયારો સાથે લઈ જવા દેવા ઉપર નિયત્રંણ રાખવાની જરૂર છે.

ચૂંટણી મુકત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણીતંત્ર પ્રયત્નશીલ છે તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કોઈ વ્યકિતને અડચણ, ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઈને ફરવા ઉપર નિયંત્રણ મુકવું જરૂરી છે.

આથી, હું જી.એસ.મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરુ છું કે,પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ઘાટલોડીયા વોર્ડ નં.૭ માં તેમજ જીલ્લા પંચાયત પેટા ચુંટણી ૨૦૨૫ અન્વયે ૧-અસલાલી માટે જેતલપુર ગામના હદ વિસ્તારમાં કોઇપણ વ્યક્તિ પરવાનો ધરાવતી હશે તો પણ પોતાની સાથે શસ્ત્રો કે હથિયાર સાથે લઇ જઇ કે ફરી શકશે નહિ.

## :અપવાદ:

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેની ફરજના ભાગ રૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) ઈન્ડીયન નેશનલ રાયફલ એસોસિએશન સભ્યો.

(3) માન્યતા ધરાવતી સિક્યુરિટી એજન્સીઓના ગનમેન, કે જેઓ રાષ્ટ્રીય, સહકારી કે કોમર્શીયલ બેન્કો, એટીએમ તથા કરન્સી ચેસ્ટની લેવડ-દેવડ કરતા હોય તેવા હથીયારધારી સિક્યુરિટી ગાર્ડને તેમના હથીયાર જમાં કરાવવામાં મુક્તી આપવામાં આવે છે. આવા સિક્યુરિટી ગાર્ડ તેઓ જે બેંકમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાનું સંબધીત બેન્ક મેનેજરનું પ્રમાણપત્ર તેઓએના ફોટોગ્રાફ સાથેનું પોતાની પાસે રાખવાનું રહેશે.

આ હુકમ તા.૨૮/૦૧/૨૦૨૫ ના કલાક ૧૮/૦૦ થી તા.૨૧/૦૨/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

## વિસ્તાર:

આ હુકમ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા ઘાટલોડીયા વોર્ડ નં.૭ માં તેમજ જીલ્લા પંચાયત પેટા ચુંટણી અન્વયે ૧ અસલાલી માટે જેતલપુર ગામના હદ વિસ્તાર માટે લાગુ પડશે.

<u>શિક્ષા:</u>

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

<u>જાહેર વિજ્ઞાપન:</u>

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૨૮/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

(જી.એસ.મલિક)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.
(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.
(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.
(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.
(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.
(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.
(૮) કલેકટરશ્રી, જીલ્લા ચૂંટણી અધિકારી અમદાવાદ શહેર/ગાંધીનગર.
(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.
(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.
(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.
(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.
(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.
(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.
(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.
(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.
(૧૭) મેનેજરશ્રી, ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.
(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.
(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.
(૨૦) નોડલ અધિકારીશ્રી અને નાયબ પોલીસ કમિશ્નરશ્રી કંટ્રોલ રૂમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૧) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૨) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૩) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી જાહેરાત કરાવવા સારૂ)

(૨૪) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૬) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૮) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૯) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)

(30) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી અમદાવાદ કલેકટર કચેરી સુભાષબ્રિજ સર્કલ પાસે, સાબરમતી

(૩૧) મુખ્ય ચૂંટણી અધિકારીશ્રી ગુજરાત રાજ્ય, ગાંધીનગર.